# સાબરકાંઠા, અરવલ્લીમાં મ્યુકરમાઈકોસિસના ૩૨ કેસ, ૩નાં મોત

## દર્દીઓ અને ડૉક્ટરો બિમારીના આંકડા છૂપાવશે તો સ્થિતિ વિસ્ફોટક થવાના એંધાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ કોરોના મહામારી કરતાં પણ હવે મ્યુકરમાઈકોસિસની બિમારીએ સરકારની ઉંઘ હરામ કરી દીધી છે. ગુજરાત સરકારે મ્યુકરમાઈકોસિસ જીવલેણ રોગ ઉપર કાબુ મેળવવા માટે મહામારી જાહેર કરી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં મ્યુકરમાઈકોસિસના શંકાસ્પદ ૩૨ કેસ નોંધાયા છે તે પૈકી ૩ દર્દીઓના મોત નિપજ્યા છે. સાબરકાંઠામાં સૌથી વધુ ૨૮ અને અરવલ્લીમાં ૪ કેસ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે પરંતુ બિનસત્તાવાર આંકડો ૧૦૦થી વધુ હોવાની આશંકા છે. દર્દીઓ અને ડૉક્ટરો બિમારીના આંકડા છુપાવશે તો સ્થિતિ વધુ વિસ્ફોટક થવાના એંધાણ છે.

ગુજરાતમાં મ્યુકર માઈકોસિસને મહામારી જાહેર કરવામાં આવી છે એ સાથે જ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ સારવાર આપવી પડશે તેવા તાબડતોબ આદેશ કરાયા છે. કોરોનાને હરાવી સાજા થયેલા અનેક દર્દીઓ અન્ય વિચિત્ર બિમારીનો સામનો કરતા હતા પરંતુ તેનું યોગ્ય નિદાન જે તે સમયે થયું નહીં અને તે રોગ મ્યુકરમાઈકોસિસ હોવાનું જાણવા મળ્યું ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. એક રીતે સરકારી આરોગ્ય વિભાગે પણ ગંભીર બિમારી ઉપર યોગ્ય ગંભીરતા ન દાખવી તેનાં પરિણામો નજર સમક્ષ છે. મ્યુકરમાઈકોસિસના લક્ષણો ધરાવતા દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ, માથાનો, આંખનો દુઃખાવો, દ્રષ્ટી ઝાંખી થવી, પેટનો દુઃખાવો, ઉબકા આવવા, આંતરડામાં રક્તસ્ત્રાવ, મોંઢામાં તાળવે કે નાસિકાઓમાં કાળો ગઠ્ઠો જમા થવો તે મ્યુકરમાઈકોસિસના લક્ષણો હતા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી અને ૭ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં મ્યુકરમાઈકોસિસના દર્દીઓ દેખાયા જેમાંથી બે દર્દીઓની સ્થાનિક જિલ્લામાં સર્જરી કરવામાં આવી તો કેટલાક દર્દીઓ અમદાવાદ સારવાર હેઠળ છે. જે રીતે દરરોજ કોરોના સંક્રમિત અને સાજા થયેલા દર્દીઓના આંકડા આરોગ્ય વિભાગ બહાર પાડે છે તે રીતે મ્યુકરમાઈકોસિસના દર્દીઓના આંકડા જાહેર કરવા જોઈએ જેથી તેનો ચેપ પ્રસરતો અટકાવી શકાય.

### સાવધાની જ ગંભીર રોગથી બચાવશે

કેટલાક તબીબોના જણાવ્યા અનુસાર રોગથી બચવા માટે સાવધાની એકમાત્ર ઉપાય છે. એન.૯૫ ગુણવત્તાયુક્ત માસ્ક કાંતો ડબલ માસ્ક પહેરવો જોઈએ. જ્યાં વધુ ધૂળ ઉડતી હોય તેવી જગ્યાએ જવાનું ટાળવું, શરીર ઉપર કોઈ ઘા હોય તો તેને વારંવાર સાબુથી ધોવા જોઈએ તેમજ મ્યુકરમાઈકોસિસના રોગથી બચવા માટે એમ્ફોટેસીરીન-બી., પોષાકોનાઝોલ કે ઈસાબ્યુકોનાઝોલ દવાઓનો ઉપયોગ ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ કરવો જરૂરી છે.

### સાબરકાંઠામાં ૨૮ કેસ, ૨ નાં મોત : ઈ.એમ.ઓ.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પછી મ્યુકરમાઈકોસિસના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. અત્યાર સુધીમાં સાબરકાંઠામાં ૨૮ કેસ નોંધાયા છે અને તે પૈકી ૨ નાં મોત થયાનું ઈ.એમ.ઓ. ચિરાગ મોદીએ જણાવ્યું છે. જ્યારે બિનસત્તાવાર રીતે આ આંકડો વધુ હોવાની આશંકા સેવાય છે કારણ કે ખાનગી ડૉક્ટરોના ત્યાં સારવાર લઈ રહેલા દર્દીઓની વિગતો તંત્ર પાસે પણ સમયસર પહોંચતી નથી.

### તંત્ર જાગે નહીંતર મ્યુકરમાઈકોસિસના ઈન્જેક્શનનું કાળા બજાર થશે

અગાઉ કોરોના સમયે રેમડેસિવિર ઈન્જેક્શનનું મોટાપાયે કાળા બજાર થયું હતું. આરોપીઓ પકડાઈ ગયા પછી વધુ કોઈ ચોંકાવનારી વિગતો અપેક્ષા મુજબ બહાર આવી નથી અને હવે મ્યુકરમાઈકોસિસનો રોગચાળો બેકાબુ બન્યો છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં તેની સારવાર માટેના ઈન્જેક્શનોનું કાળા બજાર શરૂ થયું છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં પણ સારવાર માટેના ઈન્જેક્શનનું કાળા બજાર થવાની દહેશત છે જેથી તંત્રએ વેળાસર જાગી જરૂરી ઈન્જેક્શનનો સ્ટોક કરવો રહ્યો.

# અંબાજી મંદિર ૨૮ મે સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે

સમગ્ર દેશ કોરોના કોવિડ-૧૯ વાયરસની બીજી લહેર સામે લડી રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે તા.૨૧ મે- ૨૦૨૧ સુધી અંબાજી મંદિર અને તેને સંલગ્ન ધાર્મિક સંસ્થાઓ યાત્રિકો માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૦ મે-૨૦૨૧ હુકમ અન્વયે અંબાજી મંદિર તા. ૨૮ મે-૨૦૨૧ સુધી દર્શનાર્થીઓ માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભટ્ટજી મહારાજ દ્વારા પૂજન, અર્ચન તથા ધાર્મિક વિધિ વિધાન રાબેતા મુજબ કરવામાં આવશે.



વધુમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત મૂળ શક્તિપીઠ ગબ્બર મંદિર, અંબિકા વિશ્રામ ગૃહ, જગદજનની પથિકાશ્રમ (હોલી ડે હોમ) તથા અંબિકા ભોજનાલય પણ તા.૨૮/૦૫/૨૦૨૧ સુધી બંધ કરવામાં આવે છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વિશ્વભરમાં ફેલાયેલી આ મહામારી સામે માં અંબે સર્વેની રક્ષા કરે તેવી આપણે પ્રાર્થના કરીએ. આપ સૌ બિન જરૂરી ઘરની બહાર ન નિકળો, સામાજિક અંતર રાખો ફરજીયાત માસ્ક પહેરો અને સરકારશ્રીની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરો તથા વેક્સિન લઈને પોતાની, પોતાના પરિવારજનોની સુરક્ષા સુનિશ્ચિત કરીએ તથા તંદુરસ્ત સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

# સાબરકાંઠા, અરવલ્લીમાં વાવાઝોડાથી પ્રજાની મિલ્કત, ખેતીને નુક્સાન, ૨૪૨ મકાનોને નુક્સાન

## ૩૯ પશુઓએ જીવ ગુમાવ્યા, ખેતીને નુક્સાનનો અંદાજ આવતાં સપ્તાહ લાગે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ તાઉ-તે વાવાઝોડાના કારણે વાવાઝોડા સમયે તંત્ર એલર્ટ મોડ ઉપર હોવા છતાં શહેરી કરતાં વરસ્યો. ગણતરીના કલાકો માટે નિચાણવાળા વિસ્તારો અને ખેતરો વાવાઝોડાએ ખાસ કરીને હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ



સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો પણ પ્રમાણમાં ઓછી તબાહીથી પ્રભાવિત થયો છે. પ્રજાની મિલ્કતને અગણિત નુક્સાન પહોંચ્યું છે. શુક્રવાર બપોર સુધીમાં ૧૪ તાલુકામાં ૨૪૨ મકાનો તેમજ એક સરકારી શાળા અને પંચાયતને નુક્સાન થયાના આંકડા સામે આવ્યા છે. વાવાઝોડાના કારણે પશુઓનો મૃત્યુ આંક વધીને ૩૯ ઉપર પહોંચ્યો છે. દૂધાળા પશુના મૃત્યુ કેસમાં પશુ દીઠ રૂા.૪૦ હજારની સહાય ચૂકવવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારોમાં નુકસાનીના આંકડા ચોંકાવનારા છે. સાબરકાંઠાના પોશીના થી અરવલ્લીના સાઠંબા સુધીના વિસ્તારમાં વાવાઝોડાએ કલાકો સુધી ભય-ઉત્પાત મચાવ્યો હતો. ડરામણા વિજ કડાકા-ભડાકા સાથે અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ બેટમાં ફેરવાયા. અનેક કાચાં છાપરાં કાગળની માફક હવામાં ઉડ્યાં. ઈંટવાડા ઉદ્યોગને અગણિત નુક્સાન થયું છે જ્યારે વાવાઝોડું પસાર થઈ ગયા પછી તંત્ર દ્વારા નુક્સાનીનો સર્વે હાથ ધરાતાં સાબરકાંઠામાં નુક્સાનનો આંકડો સતત વધી રહ્યો છે. જિલ્લામાં તાલુકામાં પ્રજાની મિલ્કતને લાખોનું નુક્સાન પહોંચાડ્યાની પ્રાથમિક વિગતો સામે આવી છે. જિલ્લામાં વાવાઝોડાએ સરકારી ઈમારતોને પણ નુક્સાન પહોંચાડ્યું છે. સાબરકાંઠામાં ૨ અને અરવલ્લીમાં ૧ સરકારી ઈમારત નુક્સાનગ્રસ્ત થઈ છે. જ્યારે બંન્ને જિલ્લામાં ૧૯-૧૯ પશુઓના મોત અને કુલ-૧૫૫ ઝાડ ધરાશાયી થયાના આંકડા ડિઝાસ્ટર વિભાગ સુધી પહોંચ્યા છે.

### જિલ્લામાં વાવાઝોડાની તબાહી..

| જિલ્લો | મકાન | ઝાડ | પશુ મૃત્યુ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૧૫૪ | ૮૭ | ૧૯ |
| અરવલ્લી | ૯૨ | ૬૮ | ૧૯ |

### અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય ચૂકવો..

બંન્ને જિલ્લામાં વાવાઝોડાના કહેરથી ૨૪૨ કાચા મકાનોને નુક્સાન પહોંચ્યું છે. અનેક પરિવારો ખુલ્લામાં રહેવા મજબૂર બન્યાં છે. જ્યારે કેટલાક પરિવારોનું ઘર દૂધ ઉપર નભતું હતું પરંતુ ૩૮ પશુઓના મોત નિપજતાં આવા પરિવારોની આવક પણ બંધ થઈ ગઈ છે જેથી અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય ચૂકવી ઉઘારી લેવામાં આવે તેવી માંગ થઈ છે.

# બાયડના ધારાસભ્યએ વાત્રક હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ માટે ૨૦ લાખ ફાળવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ બાયડના ધારાસભ્ય જશુભાઈ એસ. પટેલે ધારાસભ્ય કોવિડ ફંડમાંથી વાત્રક હોસ્પિટલમાં આઈ.સી.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ વસાવવા માટે રૂા.૨૦ લાખની ફાળવણી કરતાં શ્રી કે. કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ-વાત્રકના ચેરમેન કોદરભાઈ પટેલ, માનદ્ મંત્રી કનુભાઈ એમ. શાહ તથા ટ્રસ્ટીઓએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય-ગાંધીનગરમાં આતંકવાદ વિરોધી દિવસની ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય-ગાંધીનગરમાં તા.૨૧ મે. આતંકવાદ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી કુલપતિ પ્રો.રામશંકર દૂબેએ આતંકવાદ વિરોધી દિન નિમિત્તે શાંતિ, સામાજીક, સંવાદિતાને પ્રોત્સાહન આપવા અને માનવ જીવન મૂલ્યોના રક્ષણ માટે સજાગ રહેવા જણાવ્યું હતું. અધ્યક્ષ તરીકે ઉપસ્થિત કુલપતિએ વિદ્યાર્થીઓએ સોશ્યલ મીડીયા, બનાવટી સમાચારો અંગે ખુબ સજાગ રહેવા જણાવ્યું કારણ કે તે હંમેશાં અશાંતિ ઉભી કરવામાં નિમિત્ત બને છે.

સમારોહમાં યુનિ.ના વિવિધ વિભાગના ડીન, અધ્યક્ષો, અધ્યાપકો અને કર્મચારીઓ ઓનલાઈન જોડાયા હતા. આતંકવાદ અને રાષ્ટ્રીય સુરક્ષા પરના વેબિનારમાં પ્રો.સંજય જા, ડીન સ્કુલ નેશનલ સિક્યુરીટી સ્ટડીઝ અને પ્રો.મનિષ ડીન સ્કુલ ઈન્ટરનેશનલ સ્ટડીઝ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. ભરત જા એ ભારતમાં આતંકવાદની સ્થિતિ વિશે જણાવ્યું પ્રો.મનિષે સરહદ પારથી ભારતમાં આતંક વધારવામાં પાકિસ્તાન કેવી રીતે મદદ કરી રહ્યું છે તે વિશે ઉંડાણપૂર્વક વાત કરી જણાવેલ કે પાકિસ્તાને ઘણા દાયકાઓથી ફક્ત જમ્મુ અને કાશ્મીરને લગતી હિંસા જ નહીં પરંતુ મુંબઈમાં ૨૬/૧૧ અને ભારતની અંદર ઘણી આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઉશ્કેરણી કરી છે. પુલવામા પછીના હુમલામાં સાક્ષી તરીકે ભારતના લશ્કરી પ્રતિક્રીયાએ ત્યાં કામ કર્યું હોવાનું લાગે છે. જેનાથી સરહદ પારથી આતંકવાદ સબંધિત હિંસામાં ઘટાડો થયો છે. કાર્યક્રમના સમાપનમાં કુલ સચિવ ડૉ.સત્યપ્રકાશ ઉપાધ્યાયે આભાર વિધિ કરી હતી.

# ધનસુરાના જયસ્વાલ પરિવાર ઉપર કોરોના કાળ બનીને ત્રાટક્યો, ૩નાં મોત

## બાયડમાં જેઠ-ભાભીને કોરોના ભરખી ગયો

અરવલ્લી જિલ્લાના ધનસુરા અને બાયડમાં જયસ્વાલ પરિવાર ઉપર કોરોના કાળ બનીને ત્રાટક્યો છે. ધનસુરામાં પિતા-પુત્ર અને પુત્રવધુને કોરોના ભરખી ગયો છે. ગયો છે તેમ છતાં અનેક લોકો બિન્દાસ્ત બની માસ્ક વગર ફરતા જોવા મળી રહ્યા છે. અત્યારે પણ કોરોનાનો કપરો કાળ ચાલી રહ્યો છે. પ્રજા સાવધાની નહીં રાખે તો પિતા ચંદુભાઈ જયસ્વાલનું પણ મોત નિપજતાં એક જ પરિવારમાં ૩નાં મોતથી માતમ છવાયો છે. બાયડ અને ધનસુરા તાલુકામાં કોરોનાએ કેટલાનો ભોગ લીધો તેના



જ્યારે બાયડના જીતપુરમાં મનુભાઈ ભીખાભાઈ જયસ્વાલનું કોરોનાથી મોત નિપજ્યા બાદ તેમનાં ભાભી સવિતાબેન રમણભાઈ જયસ્વાલને પણ કોરોના ભરખી જતાં જયસ્વાલ સમાજમાં માતમ છવાયો છે.

કોરોનાએ જિલ્લામાં હાહાકાર મચાવ્યો છે અત્યાર સુધીમાં બિનસત્તાવાર રીતે ૩૦૦ થી વધુ લોકોને કોરોના કોળીયો કરી મૃત્યુદર અનેક ગણો વધી શકે તેવી વૈજ્ઞાનિકોએ આશંકા વ્યક્ત કરી છે. ધનસુરાના અશોકભાઈ જયસ્વાલ કોરોનાથી સંક્રમિત થયા અને સારવાર દરમ્યાન મોત નિપજ્યું તેમની ધાર્મિકવિધિ ચાલુ હતી ત્યાં જ તેમનાં પત્નિ અનિતાબેનનું પણ કોરોનાના કારણે મોત નિપજતાં જયસ્વાલ પરિવાર ઉપર આભ ફાટ્યું અને કુદરતે પરિવાર ઉપર વધુ એક વજઘાત આપતાં તેમના સાચા આંકડા ભલે બહાર આવતા ન હોય પરંતુ કોરોનાનું વિનાશક સ્વરૂપ કેવું છે તે જોવું હોય તો બાયડ-ધનસુરાના બજારમાં દિવસ દરમ્યાન નિકળો તો કેટલા લોકોએ પોતાનું સ્વજન ગુમાવ્યું છે તેવા મુંડન કરાવનારા લોકો ઠેકઠેકાણે જોવા મળી રહ્યા છે. સ્મશાન ગૃહમાં લાકડાં ખૂટી પડતાં હોય તેના ઉપરથી જ હવે બંન્ને તાલુકાની પ્રજાએ સાવધાન થવાની જરૂર છે.

# ધનસુરાના ઉદ્યોગરત્ન એવોર્ડથી સન્માનિત જહુરભાઈ મિસ્ત્રીનું નિધન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧ ધનસુરાના જાણીતા ક્રશર ઉદ્યોગપતિ જહુરભાઈ કે. મિસ્ત્રીનું નિધન થતાં સમગ્ર ધનસુરા પંથકમાં શોક છવાયો છે. દાનવીર તરીકેની અનોખી ઓળખ ધરાવતા ઉદ્યોગપતિએ લોક કલ્યાણના અનેક ઉપયોગી કાર્યો કર્યા હતા.

સમગ્ર રાજ્યમાં ધનસુરાનો ક્રશર ઉદ્યોગ નામાંકીત બન્યો છે તેમાં મિસ્ત્રી અને ગજ્જર પરિવારનો સિંહ ફાળો રહેલો છે. ધનસુરા પંથક વિકાસની પા..પા પગલી માંડતો હતો ત્યારે ધનસુરા વિસ્તારમાં વર્ષ-૧૯૫૩માં વિકાસ ક્ષેત્રે સંપૂર્ણ અંધારપટ હતો ત્યારે ક્રશર ઉદ્યોગની સ્થાપના કરવાનું શ્રેય જહુરભાઈ મિસ્ત્રીને આપવું રહ્યું. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના અનેક રાજ્યોમાં તેમના દ્વારા ઉત્પાદિત ક્વોરી ઉદ્યોગના ક્રશર સપ્લાય કરવામાં આવતા હતા. તેઓની સંનિષ્ઠ કામગીરીના ફલ સ્વરૂપે ઉદ્યોગરત્ન એવોર્ડથી બહુમાન કરવામાં આવ્યું હતું. ઉંમરના કારણે આજે તેમના પુત્ર અનવરભાઈ મિસ્ત્રીએ સમગ્ર ઉદ્યોગને સંભાળી લીધો છે. જહુરભાઈ મિસ્ત્રીનું તાજેતરમાં જ નિધન થતાં ધનસુરા પંથકની પ્રજા માટે ઉદ્યોગપતિ ગુમાવવાનું દુઃખ જોવા મળ્યું.

# સાબરકાંઠા, અરવલ્લીમાં ૨૮ દિવસ પછી માર્કેટયાર્ડ ધમધમ્યાં

## પ્રથમ દિવસે ઘઉં, દિવેલા, બાજરીની આવક, વેપારીઓ હરખાયા

કોરોનાના કારણે માર્કેટયાર્ડ અચોક્કસ મુદત માટે બંધ રહ્યા પછી શુક્રવારથી સાબરકાંઠા, અરવલ્લીના તમામ ૧૩ માર્કેટયાર્ડ અને સબયાર્ડ ખુલતાં પ્રથમ દિવસથી જ ઘઉં, દિવેલા, બાજરીની આવક નોંધાઈ હતી જેના કારણે વેપારીઓ પણ હરખાયા. સળંગ ૨૮ દિવસ સુધી જવાની સાથે ધંધા-ચોપાટ થઈ જવાની પૂરી સંભાવના છે. સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાઓમાં કોરોનાનું સંક્રમણ વધતાં અત્યાર સુધીમાં ૪૦૦૦થી વધુ નાના-મોટા ધંધાનો સંકેલો થઈ ગયો છે. કેટલાય પરિવારો દેવાના બોજ તળે દટાયા છે. જિલ્લામાં ધંધો કરવા આવેલા જેના કારણે ખેતી ઉપર નભતા ખેડૂત પરિવારોની હાલત કફોડી થઈ હતી. પરિવારમાં આર્થિક સંકળામણ પણ જોવા મળી. માર્કેટયાર્ડો ખોલવા માટે ખેડૂતોએ માંગ કરી છેવટે સરકારે પણ અનેક વિસ્તારોમાં આંશિક લૉકડાઉન અમલી બનાવ્યું અને માર્કેટયાર્ડો પણ રાબેતા મુજબ ખોલવાનો નિર્ણય



માર્કેટયાર્ડ બંધ રહ્યા પછી ખુલતાં આવનારા દિવસોમાં શુષ્ક બજારમાં નવો પ્રાણ રેડાઈ શકે છે.

કોરોનાએ ખેતી, ધંધા-રોજગારની કમર તોડી નાખી છે. કોરોનાનું સંક્રમણ લાંબો સમય ખેંચાય તો અનેક પરિવારો બરબાદ થઈ અનેક પરપ્રાંતિયોએ વતનની વાટ પકડી લીધી છે. ત્યારે ખેતી ક્ષેત્રે પણ ખેડૂતો પાયમાલ થયા છે. કોરોનાનું સંક્રમણ વધતાં ગત તા.૨૪ એપ્રિલ થી તમામ માર્કેટયાર્ડો બંધ રાખવાનો નિર્ણય લેવાયો. જ્યારે ટેકાના ભાવે ખરીદી પણ સરકારે બંધ કરી દીધી કરતાં મોડાસા, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, માલપુર, મેઘરજ, વિજયનગર અને બાયડ સહિતના તમામ માર્કેટયાર્ડો ખુલતાં સૂમસામ ભાસતાં યાર્ડો વેપારીઓ અને ખેડૂતોની હાજરીથી ધમધમ્યાં હતાં.

# પ્રાંતિજના માવાની મુવાડી ખાતે મા-બેન સામે ગાળો બોલી ગડદાપાટુનો માર મારતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૨૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના માવાની મુવાડી ખાતે તારા ભાઈને કેમ રખડતો મુકેલ છે તેમ કહી મા બન્ને સામે ગાળો-બોલી ગડદાપાટુનો માર મારી ઉંધી કુહાડી મારી ઈજાઓ પહોચાડી જાહેર નામાનો ભંગ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં એક ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના માવાની મુવાડી ખાતે રહેતા વિક્રમસિંહ દોલતસિંહ ઝાલા પોતાના મોટાભાઈ રાજેન્દ્રસિંહને શોધવા માટે માવાની મુવાડી ગામની સીમમા આવેલ પોતાના ખેતરમા જતા હતા અને ખેતરમાં જતી વખતે વિક્રમસિંહના ભાઈ રાજેન્દ્રસિંહ તથા આ કામના આરોપી બાદરસિંહ પુંજસિંહ ઝાલા બન્ને જણા દિપસિંહ સરદારસિંહ ઝાલાના ખેતરમાં બેઠેલ હોઈ ફરિયાદી વિક્રમસિંહ પોતાના ભાઈ રાજેન્દ્રસિંહને લેવા માટે દિપસિંહના ખેતરમાં જતા બાદરસિંહ પુંજસિંહ ઝાલા ફરીયાદી વિક્રમસિંહને કહેવા લાગેલ કે તારાભાઈ રાજેન્દ્રસિંહને કેમ રખડતો મુકેલ છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ઝપાઝપી કરી મા-બેન સામે ગાળો બોલી ગડદાપાટુનો મારમારી અને ખેતરમાં પડેલ કુહાડી હાથમા લઈને વિક્રમસિંહને ડાબા કાનના ઉપરના ભાગે ઉંધી મારી ઈજાઓ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા તથા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વિક્રમસિંહ દોલતસિંહ ઝાલાની ફરીયાદના આધારે પોલીસ હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ ગેમરભાઈ દ્વારા આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોધી આગળ ની તપાસ એ. એસ.આઈ માનસિંહ મનવંતસિંહ દ્વારા હાથ ધરવામાં આવી છે.

હાર્દિક અભિનંદન..



જયદીપકુમાર અનંતભાઈ પ્રજાપતિ
(જુનિયર ઈજનેર, ખેરોજ UGVCL)
શીકા, તા.ધનસુરા

ધનસુરા તાલુકાના શીકા ગામના **જયદીપકુમાર અનંતભાઈ પ્રજાપતિ** તાજેતરમાં યોજાયેલી ગુજરાત ઉર્જા વિભાગની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ જુનિયર ઈજનેર-ખેરોજ યુ.જી.વી.સી.એલ., તા.ખેડબ્રહ્મામાં નિયુક્તિ થતાં સમસ્ત પ્રજાપતિ સમાજ અને શીકા ગામનું ગૌરવ વધારતાં હાર્દિક અભિનંદન.

શુભેચ્છક..
અનંતભાઈ સોમાભાઈ પ્રજાપતિ (પૂર્વ સરપંચ : શીકા ગ્રામ પંચાયત)
જનકભાઈ પ્રજાપતિ શીકા યુવક મિત્ર મંડળ
શીકા, તા.ધનસુરા, જિ.અરવલ્લી